## :: વન્યપ્રાણી મિત્રની ભરતી–૨૦૨૨ અંગેની જાહેરાત::–
## વન વિભાગ, જુનાગઢ

ગીર તેમજ બૃહદગીરમાં વન્યપ્રાણી સંરક્ષણ માટેની સંકલીત યોજના હેઠળ તદન હંગામી ધોરણે નમિણુંક થયાથી ૩૧/૦૩/૨૦૨૩ સુધીના જ સમય માટે કરાર આધારીત માસીક રૂા.૨૦૦૦/–(બે હજાર)ના માનદેય થી નીચે દર્શાવેલ ગામોમાં વન્યપ્રાણી મિત્રની નિમણુંક માટે રસ ધરાવતા ઉમેદવારો માટે લઘુતમ લાયકાત નીચે પ્રમાણે રહેશે.

૧) ઉમેદવાર જે તે ગ્રામ પંચાયત વિસ્તારના વતની અથવા તો ઓછામાં ઓછા છેલ્લા ત્રણ વર્ષથી જે તેગ્રામ પંચાયત વિસ્તારમાં રહેતા હોવા જોઈએ.

૨) ઉમેદવારની ઉમર જાહેરાત પ્રસિધ્ધની તારીખના રોજ ૧૮ વર્ષથી ઓછી નહી ૨૫ વર્ષથી વધારે ન હોવી જોઈએ અનુજાતિ, અનુ જનજાતિ, સામાજીક અને શૈક્ષણીક પછાત તથા ઈ.ડબલ્ય.એસ. ઉમેદરવારો માટે સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો પ્રમાણે છુટછાટ આપવામાં આવશે.

૩) લાયકાત ધરાવતા ઉમેદવારોને રૂબરૂ મુલાકાત માટે બોલાવવામાં આવશે. રૂબરૂ મુલાકાતના ૫૦ ગુણ અને નીચે મુજબના શૈક્ષણિક લાયકાતના ૫૦ ગુણ કુલગુણ મળી ૧૦૦ ગુણ માંથી મેળવેલ ગુણના આધારે પસંદગી યાદી તૈયાર કરવામાં આવશે.

૪) ઉમેદવાર ૧૨–મુ ધોરણ પાસ કરેલ હોવા જોઈએ. ૧૨–મુ ધોરણ પાસ કરેલ ઉમેદવાર નહી મળે તેવા સંજોગોમાં ધો–૧૦ પાસ ઉમેદવારને ધ્યાને લેવામાં આવશે.ધો.૧૨/૧૦માં મેળવેલ ગુણના આધારે તેમજ તાંત્રિક/વ્યવસાયી લક્ષી તાલીમ, સ્નાતક, સરકારશ્રીએ નિયત કરેલ જરૂરી કોમ્પ્યુટર કૌશલ્ય પાસ કરેલ ઉમેદવારને અગ્રતા માટેના ગુણ આપવામાં આવશે. બે ઉમેદવારના સરખા ગુણ થયે કૃષિ વિષયક, વન વિષયક , ડીપ્લોમા' કે ડીગ્રી વાળા ઉમેદવારને અગ્રતા આપવામાં આવશે.

૫) વધુ શરતો અને વધુ વિગતો સંબંધિત રેન્જ ફોરેસ્ટ ઓફીસરશ્રીની કચેરીએથી જાણી શકાશે.

૬) અરજી ફોર્મ ગુજરાત સરકારની WWW.Forest.gujrat.gov.in ની વેબ સાઈટ પરથી ડાઉનલોડ કરવાનું રહેશે.

૭) અરજી ફોર્મ સંપૂર્ણ વિગતો સાથે ભરી સાથે એક ફોટાની પાછળ પોતાનું નામ લખી સ્ટેપલ કરી, જોડવાના થતા પ્રમાણપત્રો/માર્કશીટો ની પ્રમાણિત નકલો ૨૭X૧૨ સે.મી.નું પોતાનું સરનામુ લખેલ અને રૂ.૫/–ની ટીકીટ ચોંટાડેલ કવર સાથે રૂબરૂમાં અથવા તો. રજી.એ.ડી. પોસ્ટથી જાહેરાત પ્રસિધ્ધ થયે થી ૧૦–દિવસ સુધીમાં પરીક્ષેત્ર વન અધિકારીશ્રી ડુંગર ઉતર રેંન્જ લીમડા ચોક જુનાગઢની કચેરીએ મોકલી આપવાની રહેશે,અરજી મળ્યે. અરજી ચકાસણી કર્યા બાદ પાત્રતા ધરાવતા ઉમેદવારને જ રૂબરૂ મુલાકાત માટે જાણ કરવામાં આવશે.

૮) સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો આધારે વિભાગીય કક્ષાએથી અનામત જગ્યા માટેના ગામો સામેલ યાદીમાં દર્શાવેલ પ્રમાણે નકકી કરવામાં આવેલ છે. જે તે ગામામાંથી અનામતની કક્ષા પ્રમાણેના ઉમેદવારની પસંદગી કરવામાં આવશે.

૯) * નિશાનીવાળા ગામોમાંથી સામાજીક અને શૈક્ષણિક પછાતવર્ગના **નિશાની વાળા ગામોમાંથી અનુસુચિત જનજાતિ, અને ***નિશાની વાળા ગામોમાંથી અનુસુચિત જાતિના ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે.(સામાજીક કક્ષાનું પ્રમાણપત્ર વિતી ગયેલ તારીખનું ન હોવુ જોઈએ) અનામતની કક્ષા પ્રમાણેના ઉમેદવાર જે તે ગામમાંથી નહી મળ્યે બેકલોગ ખેચી અન્ય કક્ષાના ઉમેદવારની પસંદગી કરવામાં આવશે (કુલ જગ્યા–૨૬)

| અ. નં. | તાલુકાનું નામ | વન્યપ્રાણી મિત્રોની નિમણુંકના ગામડા | અરજી ફોર્મ મેળવવાનું અને પહોંચાડવાનું સરનામુ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | જુનાગઢ | બલીયાવડ,***, ચોકલી | WWW.Forest.gujrat.gov.in<br>પરીક્ષેત્ર વન અધિકારીશ્રી ડુંગર ઉતર રેંન્જ જુનાગઢ લીમડાચોક,જુનાગઢ ૩૬૨૦૦૧<br>ફોન નંબર:–૦૨૮૫–૨૬૫૧૭૬૩ |
| ૨ | ભેંસાણ | દુધાળા*,માલીડા,પાટલા, છોડવડી | |
| ૩ | સુત્રાપાડા | ધામળેજ** | |

નાયબ વન સંરક્ષક
જુનાગઢ વન વિભાગ,જુનાગઢ

Scanned with CamScanner